Tuesday
09.09.2025
✳Volume :10 ✳ Issue No.60
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વિધાનસભા ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો દ્વારા પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી વિજયભાઈ રૂપાણી અને પૂર્વ સભ્યશ્રીઓને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રદ્ધાંજલિ પાઠવી

કમલમ્,
ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫મી વિધાનસભાના સાતમાં સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખો દ્વારા પૂર્વ મુખ્ય મંત્રીશ્રી સ્વ. વિજય ભાઈ રમણિકલાલ રૂપાણી અને અમદાવાદ ની વિમાન દુર્ઘટનામા અવસાન પામેલા દિવંગતો તેમજ પૂર્વ દિવંગત સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર બુધવાર ૮મી સપ્ટેમ્બર થી ત્રણ દિવસ માટે શરૂ થયું છે. આ સત્રના પ્રથમ દિવસે ૨જૂ થયેલા શોકદર્શક ઉલ્લેખોમાં ગૃહના નેતા તરીકે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી શ્રી સ્વ. વિજય ભાઈ રૂપાણી, ગુજરાતના પૂર્વમંત્રીશ્રી સ્વ. શ્રીમતી હંમાબેન સૂર્યકાંત આચાર્ય, ગુજરાતના પૂર્વરાજ્યકક્ષાના મંત્રીશ્રી સ્વ. ઇન્દ્રસિંહ શિવાજી ચાવડા અને સ્વ. શ્રીમતી નૂરજહાંબક્ષ મોહમ્મદ ઇબ્રાહીમખાન બાબી, ગુજરાતના પૂર્વ નાયબમંત્રીશ્રી સ્વે. પ્રો. બળવંતરાય બચુલાલ મણવર તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ. શ્રી ભૂપેન્દ્રકુમાર સેવકરામપટણી અને સ્વ. શ્રીરણછોડભાઇ કરસનભાઇ મેરને શ્રદ્ધાંજલિ આપી હતી. મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પૂર્વ મુખ્ય મંત્રીશ્રી સ્વ. વિજયભાઇ રૂપાણીએ મુખ્ય મંત્રીતરીકે રાજ્યનાવિકાસમાં આપેલાયોગદાનની સરાહના કરીહતી. મુખ્ય મંત્રીશ્રીએઅમદાવાદ માંથયેલી વિમાન દુર્ઘટના ની કરુણાંતિકાનાસો દિવંગત મુસાફરોને પણ ભાવાંજલિ અર્પણ કરી હતી. તેમણે સૌ દિવંગત પૂર્વ ધારાસભ્યશ્રીઓની જાગૃતિક જન પ્રતિનિધિ તરીકેની સેવાઓને બિરદાવીને તેમના આત્માઓની પરમશાંતિની પ્રભુ પ્રાર્થના કરીહતી. વિધાનસભા અધ્યક્ષ શ્રીશંકરભાઈ ચૌધરી, રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ તેમજ સત્તાપક્ષ અને પ્રતિપક્ષના ધારાસભ્યશ્રીઓએપણ આ શોકદર્શક ઉલ્લેખોમાંજોડાઈને સૌ દિવંગત પૂર્વસભ્યોને અને વિમાન દુર્ઘટના ના મૃતકોને ભાવાંજલિ આપીહતી. સભાગૃહે આ સૌપૂર્વ સ્વર્ગસ્થ સભ્યશ્રીઓના અવસાન અંગે બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

પક્ષ – વિપક્ષ જોયા વિના પ્રજાજનોના વિકાસને કેન્દ્રમાં રાખીને સરકાર કામ કરી રહી છે – મંત્રીશ્રી ત્રાષિકેશ પટેલ

- સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૭૭૬ ટી.પી. સ્કીમ મંજૂર કરાઇ , વર્ષ ૨૦૨૫ માં ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરાઇ
- રાજ્યમાં નવનિર્મિત નગરપાલિકા, મહાનગરપાલિકાઓમાં પણ બાકી રહી જતા અને નવીન વિકાસ કાર્યો સત્વરે શરૂ કરાશે
- આવનાર સમયમાં ૫૦૬ જેટલી નવીન ટી.પી. મંજૂર કરાશે, જેને સમયમર્યાદામાં આખરી કરાશે

કમલમ્,
રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીશ્રીએ વિધાનસભામાં પૂછાયેલા ટી.પી. સ્કીમ સંદર્ભના એક પ્રશ્ના ઉત્તરમાં સ્પષ્ટ પણે કહ્યું કે, રાજ્ય સરકાર પક્ષ-વિપક્ષ વિનો રાજ્યની તમામ પ્રજાજ નોના વિકાસ કાર્યોમાં અવિરત પણે કાર્ય કરીરહી છે. રાજ્યમાંવધતા જતા શહેરીકરણના પગલે સરકાર દ્વારા સુનોયિજીત પણે આયોજન હાથ ધરીને વિકાસકાર્યોહાથધરાયા છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૭૭૬ જેટલી ટી.પી. સ્કીમ મંજૂર કરવામાંઆવી છે.તેમાં પણ વર્ષ ૨૦૨૫ના ફક્ત ૮ મહિનામાં ૯૫ જેટલીટી.પી. સ્કીમમંજૂર કરી છે. જેનીકામગીરી યુધ્ધના ધોરણે ચાલુ છે. રાજ્યમાં ટી.પી. એક્ટ ની તમામ જોગવાઈઓ અનુ નિય મ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી રહી છે. કેટલાક કિસ્સામાંટી.પી.સ્કીમનીઅમલવારી નાવિલંબ થવાના ટેકનીકલ કારણો, કોર્ટ મેટર હોઈ શકે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેનો પણ સત્વરે નિકાલલાવીને તમામટી.પી. સ્કીમ સમયમર્યાદામાં જ પુર્ણ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે જેમાં મહદ્દ અંશે સફળતા પણ મળી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ. હાલ રાજ્યમાં૫૦૬ જેટલી નવી નગર રચના યોજના(ટી.પી.) બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.જે કાયદાકીયજોગવાઈઅનુસારસમય મર્યાદામાંઆખરીકરવામાંઆવનાર હોવાનું મંત્રીશ્રીએજણાવ્યુ હતુ.

ગુજરાત વિધાનસભા પોડિયમમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની છબિનું અનાવરણ કરતા મુખ્ય મંત્રીશ્રી - વિધાનસભા અધ્યક્ષશ્રી

કમલમ્,
મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાનાઅધ્યક્ષ શ્રીશંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભા પોડિયમમાં પૂર્વ મુખ્ય મંત્રીશ્રી સ્વ. વિજય ભાઈ રૂપાણીની છબિનું અનાવરણ કર્યુ હતું. વિધાનસભા સંકુલના પ્રથમ માળે આવેલા પોડિયમમાં દિવંગત રાષ્ટ્રીય નેતાઓ અને વિધાનસભાના દિવંગત પૂર્વ અધ્યક્ષશ્રીઓ અને પૂર્વ મુખ્ય મંત્રીશ્રીઓ સહિતના દિવંગત અગ્રણીઓની તસવીર મૂકવાની અને તેમની જન્મતિથિ તથા પુણ્યતિથિએ અંજલી આપવાની પ્રણાલી પ્રસ્થાપિત થયેલી છે. આ પ્રણાલી અંતર્ગત પૂર્વ મુખ્ય મંત્રીશ્રી સ્વ. વિજય ભાઈ રૂપાણીની છબિ તેમના ધર્મપત્ની શ્રીમતી અંજલી બહેન રૂપાણી અને પરિવારજનોની ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકવામાં આવી હતી તાજેતરમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાંઅવસાન પામેલાપૂર્વ મુખ્ય મંત્રીશ્રી સ્વ. વિજય ભાઈ રૂપાણીની છબિના અનાવરણ વેળાએ રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓએ સ્વર્ગસ્થને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

જાહેર હેતુ માટે છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકારના ૧૬ બોર્ડ/કોર્પોરેશનને કુલ ૫.૨૩ લાખ ચો. મીટર જમીન ફાળવાઈ: મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત

છોટા ઉદેપુર જિલ્લામાં પણ છેલ્લા બે વર્ષમાં ૩૩ બોર્ડ/કોર્પોરેશનને કુલ ૯૩,૩૨૯ ચો. મીટર જમીન ફાળવાઈ

કમલમ્,
વિધાનસભા ગૃહખાતે ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્ના પ્રત્યુત્તરમાં મુખ્ય મંત્રીશ્રી વતી જવાબ આપતા મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, નાગરિકોની સુવિધા વધારવામાં મદદરૂપ થતા રાજ્ય સરકારના બોર્ડ અને કોર્પોરેશનને જાહેરહિતમાં બજાર ભાવે જમીન ફાળવવામાં આવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાંપણ તા. ૩૧ જુલાઈ, ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન જાહેરહિતમાં જમીન ફાળવવા માટે વિવિધ બોર્ડ/કોર્પોરેશન દ્વારા કુલ ૨૨ અરજી મળી હતી. જેમાં તમામ આધાર-પૂરાવાની તપાસ કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૬ અરજીને મંજૂરી આપીને આશરે ૫,૨૩,૨૮૭ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવીહતી. તેવી જ રીતે, છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૩૧ જુલાઈ, ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન જાહેરહિતમાં જમીન ફાળવવા માટે વિવિધ બોર્ડ/કોર્પોરેશન દ્વારા કુલ ૪૧ અરજી મળી હતી.

તમામ આધાર-પૂરાવાની તપાસ કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા આમાંથી કુલ ૩૩ અરજીને મંજૂરી આપીને આશરે ૯૩,૩૨૯ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બોર્ડ કે કોર્પોરેશન દ્વારા સરકારી જમીનની માંગણી કરવામાં આવેત્યારે જરૂરીતમામ આધાર-પૂરાવાઅને ઉદેશ્યનીતપાસ કર્યાબાદ જંત્રી મુજબની કિંમત એડવાન્સમાં જમા લઈ તેમનેજમીનનો આગોતરોકબજો સોંપવામાં આવે છે. ભરપાઈ કરેલી જંત્રી આધારીત રકમ બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમ ભરપાઈ કરવાનાં સમયે આગોતરો કબજો સોંપ્યા તારીખથી તફાવતની રકમ ભરપાઈ કરવામાં આવે તે તારીખ સુધીનાં સમય ગાળા માટે વાર્ષિક ૮ ટકાનાં દરે વ્યાજ પણ અરજદાર સંસ્થા પાસેથી વસૂલવામાંઆવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પોસ્ટનવરાત્રીના ભાગરૂપે 'શરદપૂનમ'ની રાત્રે નવી દિલ્હી ખાતે ખાસ 'ગરબા મહોત્સવ' યોજાશે

ઉદયપુર ખાતે આ મહોત્સવમાં રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી સુશ્રી દિયા કુમારી, કેન્દ્રીય મંત્રી શ્રી શેખાવત તેમજ ગુજરાતના પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઇ બેરા ખાસ ઉપસ્થિત રહેશે

આ ઉત્સવ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનો સાંસ્કૃતિક સેતુ બની રહેશે

કમલમ્,
યુનેસ્કો દ્વારા માનવતાના 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે માન્યતા મેળવનાર ગુજરાતના સુપ્રસિદ્ધ લોકનૃત્ય ગરબાના તાલે હવે ઉદયપુરવાસીઓને પણ રમાડવા રાજ્ય સરકાર દ્વારા નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આગામી તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫માં રોજ સાંજે ૭:૩૦ કલાકે કિલ્ડક્લબ, ઉદયપુર ખાતેપ્રથમવાર "વાઈબ્રન્ટ ગુજરાત પ્રી-નવરાત્રી ફેસ્ટિવલ ૨૦૨૫" નું ભવ્ય આયોજન કરવામાંઆવ્યું છે. આ વિશિષ્ટ પ્રસંગે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી સુશ્રી દિયા કુમારી, કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત તથા ગુજરાતના પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત ગાયક શ્રી પાર્થિવ ગોહિલ લાઈવ પરફોર્મન્સ તેમજ ગુજરાતી લોકનૃત્ય, તલવાર રાસ, ગર્બે ગૂંથણ અને મણિયારો રાસ જેવા અનોખા નૃત્ય થી અનન્ય ઊર્જાનો અનુભવ થશે. આ ઉપરાંત પ્રથમવાર પોસ્ટ નવરાત્રીના ભાગરૂપે નવરાત્રી બાદ 'શરદ પૂનમ'ની રાત્રે દિલ્હીવાસીઓ માટે દિલ્હી ખાતે ખાસગરબા મહોત્સવયોજીશે તેમ પ્રવાસન નિગમ, ગાંધીનગરની યાદીમાંજણાવાયું છે. આ ઉત્સવની તૈયારી અંતર્ગત, તા. ૮ થી ૧૩ સપ્ટેમ્બર સુધી ઉદયપુરના JCA ડાન્સ એન્ડ સ્પોર્ટ્સ ફિટનેસ હબ ખાતે નિઃશુલ્ક ગરબા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી સ્થાનિકો તેમજ મુલાકાતીઓ ગુજરાતી ગરબાની લય, તાલ અને ભાવના સાથે જોડાઈ શકે. આ નિઃશુલ્ક ગરબાનો સમય સવારે ૧૦ થી ૧ અને સાંજે ૭ થી ૧૧ કલાક નક્કી કરવામાં આવ્યો છે. ઉદયપુરમાં ગરબા વર્કશોપ અંગે વધુ વિગતો માટે મો. ૬૩૫૮૧ ૪૪૬૧૧ ઉપર સંપર્ક કરી શકાશે. ગુજરાત ટુરિઝમના પ્રવક્તાએ ગુજરાતની સંસ્કૃતિનો અનુભવ કરવા સૌ નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવતાં જણાવ્યું હતું કે, ગરબા વર્કશોપ અને મુખ્ય કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓને ગરબાની લય અને ભાવના સાથે જોડવાનો છે. આ ઉત્સવ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનો સાંસ્કૃતિક સેતુ બનીરહેશે. અત્રેઉલ્લેખનીય છે કે, આ ઉત્સવ દરમિયાન અનુભવી નૃત્ય કારોથીલઈને પ્રથમ વાર ગરબાના તાલે ઝૂમનારા ઉત્સાહીઓ માટે પરંપરાગત પોશાક ફરજિયાત રહેશે અને સર્વ નાગરિકોમાટે પ્રવેશનિઃશુલ્ક રહેશે. શ્રેષ્ઠ પરંપરાગત પોશાક, શ્રેષ્ઠ ગરબાપ્રદર્શન અને શ્રેષ્ઠ ખેલૈયાઓ માટે વિવિધ સ્વરૂપે રૂ.૫૦૦૦/- સુધીની મૂલ્યના આકર્ષક વાઉચર - ઈનામો પણ જાહેર કરવામાં આવશે. ઉપરાંત, ગુજરાતના સાંસ્કૃતિક વારસાની ઝલક આપતા આ ઉત્સવ માત્ર નૃત્ય-સંગીત પૂરતા મર્યાદિત ન રહી, ખેલૈયાઓ માટે ગુજરાતની સમૃદ્ધ હસ્તકલા અને પરંપરાગત વિવિધ વ્યંજનોનો સ્વાદ માણવાની તક પણ આપશે તેમ, યાદીમાં વધુમાંજણાવાયું છે.

પ્રવાસન નિગમ દ્વારા પ્રથમવાર 'વાઇબ્રન્ટ ગુજરાત' પ્રી-નવરાત્રી ફેસ્ટિવલ- ૨૦૨૫ અંતર્ગત આગામી તા.૧૪ સપ્ટેમ્બરે રાજસ્થાનના ઉદયપુર ખાતે ખાસ ઉજવણી કરાશે

ચોરાયેલી-ખોવાયેલી કે રિકવર/કબજે કરેલી ચિજવસ્તુઓ મૂળ માલિકોને વગર ધક્કે ખૂબ ઓછા સમયમાં પરત અપાવી દેતી પહેલ એટલે 'તેરા તુજકો અર્પણ': ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

રાજ્યમાં તેરા તુજકો અર્પણ અંતર્ગત અત્યાર સુધીમાં ૯૦૮૧ કાર્યક્રમો યોજી પોલીસે ૪૦,૮૧૧ લાભાર્થીઓને રૂ.૫૦૦ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કર્યો

આદિજાતિ વિસ્તારમાં સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જીલ્લાઓમાં તેરા તુજકો અર્પણ અંતર્ગત ૨૩૧૫ નાગરિકોને રૂ.૧૦૫ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કરવામાં આવ્યો

નાગરિકોને રૂ.૧૦૫ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કરવામાં આવ્યો છે. એટલુંજ નહીં, છેવાડે આવેલા સોલંગનાં એક વૃધ્ધાનું ઘર જે વ્યાજખોરે પચાવી પાડ્યું હતું તે પણ આ કાર્યક્રમ હેઠળ પરત અપાવવામાંઆવ્યું છે.

કમલમ્,
વિધાનસભા ગૃહમાં તેરા તુજકો અર્પણ અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી કુલ ૯૦૮૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં ૪૦,૮૧૧ લાભાર્થીઓને રૂ.૫૦૦ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કરવામાંઆવ્યો છે. મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક અઠવાડિયામાં ૧૧૨ કરોડનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએઉમેર્યું કે, આ કાર્યક્રમ અંતર્ગત દરેક પોલીસસ્ટેશન ખાતે કબજે થયેલા મુદ્દામાલ ખુબ જ તેમને પરત મળે તે માટે ઝડપી કાર્યવાહી કરવાનોછે. તેરા તુજકો અર્પણ અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી કુલ ૯૦૮૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં ૪૦,૮૧૧ લાભાર્થીઓને રૂ.૫૦૦ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ પરત કરવામાંઆવ્યો છે. મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક અઠવાડિયામાં ૧૧૨ કરોડનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએઉમેર્યું કે, આ કાર્યક્રમ અંતર્ગત દરેક પોલીસસ્ટેશન ખાતે કબજે થયેલા મુદ્દામાલ ખુબ જ ઓછા સમયમાંનામદાર કોર્ટમાંથી પરત સોંપવા અંગે હુકમ મેળવી તે મુદ્દામાલ લોક દરબાર/ જાહેર કાર્યક્રમ યોજી ફરીયાદી/ અરજદારશ્રીઓને પરત આપવાની કામગીરી કરવામાં આવે છે તેથી આ કાર્યક્રમ ખૂબ લોકપ્રિય થયો છે અને લોકો માટે આશીર્વાદ રૂપ સાબિતથયો છે. સુરત ખાતે થયેલી લૂંટ અને તેના ડિટેકશન અંગે પૂછાયેલાપૂરક પ્રશ્નોત્તુત્તર આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, સુરત શહેરમાં થયેલી ૭.૮૬ કરોડની હીરાની લૂંટના બનાવમાંપોલીસે ગણતરીના કલાકોમાં એટલે કે માત્ર ૪૮ કલાકમાં ગુનો ડિરેકટ કરી તેનો મુદ્દામાલ પણ મૂળ માલિકોને માત્ર એક અઠવાડિયામાં પરત અપાવવામાં ગુજરાત પોલીસને સફળતા મળી હતી. આદિવાસી જિલ્લાઓમાં આકાર્યક્રમ અંતર્ગત થયેલી કામગીરી અંગે પૂછાયેલા પ્રશ્નો જવાબ આપતા મંત્રી શ્રી સંઘવીએ કહ્યું કે, મોટા શહેરોથી લઈને નગરો અને આદિજાતિ વિસ્તારમાંના છેવાડાના ગામડા સુધી આવા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જીલ્લાઓમાં તેરાતુજકોઅર્પણઅંતર્ગત ૨૩૧૫

તંત્રી સ્થાનેથી.....

ભારત સરકારે ૦૧.૦૮.૨૦૨૫ થી પ્રધાનમંત્રી વિકાસશીલ ભારત રોજગાર યોજના નામની એક નવી યોજના શરૂ કરી છે. આ યોજના કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા લાગુ કરવામાંઆવી રહી છે. આ યોજના હેઠળ ૦૧.૦૮.૨૦૨૫ના રોજ અથવા તે પછી પ્રથમ વાર નોકરીમાંજોડાયારા કર્મચારીઓને બે હપ્તામાંમહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા સુધીનું પ્રોત્સાહન મળશે. તેવી જ રીતે, ૦૧.૦૮.૨૦૨૫ના રોજ અથવા તે પછી વધારાની રોજગાર પૂરી પાડતી સંસ્થાઓને તેમના દ્વારા સર્જાયેલાદરેક વ્યવારાનારોજગાર માટેદર મહિને મહત્તમ ૩,૦૦૦ રૂપિયાનો લાભ મળશે. આ યોજનાનો સમયગાળો ૦૧.૦૮.૨૦૨૫ થી ૩૧.૦૭.૨૦૨૭ સુધીનો છે. ઉત્પાદન ક્ષેત્ર માટે, આ યોજના આગામી બેવર્ષ માટે લાગું છે. મહેસાણાના **GIDC-I, GIDC-2** અને સંલગ્ન સંસ્થાઓના નોકરીદાતાઓ, સંસ્થાઓ અને તમામ હિસ્સેદારોમાં જાગૃતિ લાવવા માટે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન **(EPFO)**, જિલ્લા કચ્યાલય, મહેસાણા દ્વારા ૧૦/૦૯/૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦વાગ્યે શહીદ વીર ત્રિભુવનદાસપટેલ હોલ, ડેડિયાસણ, મહેસાણા ખાતેપ્રધાનમંત્રી વિકસશીલ ભારતરોજગાર યોજના **(PM-VBRY)** પર એક સેમિનારનું આયોજન કરવામાંઆવી રહ્યુંછે. આ સેમિનારનું સંચાલન કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન, જિલ્લા કચેરી, મહેસાણાના સહાયક ભવિષ્ય નિધિ કમિશનર શ્રી થોટા શ્રીધર દ્વારા કરવામાંઆવશે. આસેમિનારનો ઉદ્દેશ્ય પ્રધાનમંત્રી વય વંદના યોજના વિશે જાગૃતિ ફેલાવવાનો અને સહભાગીઓને તેના લાભો કેવી રીતે મેળવવાતે અંગેમાર્ગદર્શન આપવાનો છે. મહેસાણાનાસહાયક ભવિષ્ય નિધિ કમિશનર શ્રી થોટા શ્રીધરે તમામ હિતધારકોને આ સેમિનારમાં હાજરી આપવાઅને પ્રધાનમંત્રીવિકાસશીલ ભારતરોજગાર યોજનાની જોગવાઈઓનો અસરકારક રીતે ઉપયોગકરવાનો આગ્રહકર્યો છે.

વલસાડ પુસ્તક પરબના ૪૬માં મણકામાં ૧૮૨ પુસ્તકોને વાચકો મળ્યા

કમલમ્, વલસાડ

વલસાડ પુસ્તક પરબનો ૪૬મો મણકો બે જાહેર જગ્યા સર્કિટ હાઉસની સામે અને એસ. ટી. વર્કશોપની સામેની તરફ ક્રોમા નજીક ફૂટપાથ પર સપ્ટેમ્બર મહિનાના પહેલા રવિવારે સવારે ૭-૩૦ થી ૯-૩૦ દરમિયાન વરસતા વરસાદમાં યોજાયો હતો. જેમાં પુસ્તક પ્રેમીઓ પણ પોતાના મનપસંદ પુસ્તકોમેળવવ માટે ભર વરસાદમાંઆવી પહોંચી પુસ્તક પ્રત્યેનોપોતાનો પ્રેમપ્રગટ કર્યોહતો. આ પ્રસંગેપ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. આશા ગોહિલ, હાર્દિક પટેલ, ટીના પટેલ, દિલીપ દેસાઈ, અર્ચના ચૌહાણ, સુનિતાઢીમર, સોરભ પટેલ, અમન ગોહિલ, રાધિકા ચિહલા દ્વારા આયોજિત આ પુસ્તક પરબમાં જયંતીભાઈ, દેવરાજભાપા, હંસા પટેલ,ભાવિરભાઈ અને પંકજભાઈની મદદમળી હતી.પૂરેપૂરા વરસાદી માહોલમાં પુસ્તકપ્રેમીઓસવારે આવીપહોંચીપોતાનાવાંચનરસના પુસ્તકો નિઃશુલ્ક મળ્યાહતા. સમ્યસર પુસ્તકપરબની મુલાકાતેઆવી વાચકો પુસ્તક પરબ વલસાડની ટીમને આ કાર્યક્રમ નિયમિત, નિરંતર અને સમયસર ચલાવવાપ્રોત્સાહિત કરીરહ્યા છે.

રાજ્યમા OBC માટે અનામત સુરક્ષિત કરવા લેવાયેલા પગલાં અંગે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે ગુજરાતની મુલાકાત લીધી

રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગના અધ્યક્ષ શ્રી હંસરાજ આહીરના અધ્યક્ષસ્થાને અમદાવાદ ખાતે રાજ્યના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ

પછાત વર્ગો માટેની રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના અમલીકરણની આયોગે સરાહના કરી

કમલમ્,

આઈ.આઈ.ટી. ગાંધીનગર અને બેક ઓફ બરોડાના અધિકારીઓ સાથે બેઠક યોજી અનામત નીતિનો ચુસ્તઅમલ કરવાઅંગે વિસ્તૃતચર્ચા કરાઈ રાજ્યમાં **OBC** માટે અનામત સુરક્ષિત કરવા લેવાયેલા પગલાં અંગે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે ગુજરાતની મુલાકાત લીધીહતી. આ સંદર્ભે રાષ્ટ્રીય પછાત વર્ગઆયોગના અધ્યક્ષ શ્રીહંસરાજ આહીરના અધ્યક્ષસ્થાને અમદાવાદ એનેક્ષી ખાતે યોજાયેલ બેઠકમાંઆયોગના સભ્યશ્રી ભુવનકમલ, રાજ્યના મુખ્ય સચિવશ્રી પંકજ જોશી, આયોગના સચિવ શ્રી મીના રાજ્યલોચન સહિત આયોગના અધિકારીઓ ઉપસ્થિતરહ્યાહતા. આબેઠકમાં ગુજરાતમાં **OBC** માં સમાવિષ્ટ ૧૪૬ જાતિઓ અને તેમને મળતાં લાભો, **OBC** અનામતની અમલવારી, રોસ્ટર રજીસ્ટરની નિભાવણી અને **OBC** માટે ૨૭ ટકા અનામતની અમલવારી,જાતિનુંપ્રમાણપત્રઅને નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ, પછાત વર્ગોમાટેની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસની યોજનાઓ વિશે આયોગે વિસ્તૃત ચર્ચા કરી તેનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચેતે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. પછાતવર્ગોમાટેની રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી મેળવીનેના અમલીકરણની આયોગે સરાહના કરી હતી. આ ઉપરાંત આઈ.આઈ.ટી. ગાંધીનગર અને બેક ઓફ બરોડાના ઉચ્ચ અધિકારીઓશ્રી સાથે બેઠક યોજી આ સંસ્થાઓમાંપણ અનામતનીતિનો ચુસ્તઅમલ કરવા અંગે વિસ્તૃતચર્ચા કરવામાંઆવી હતી. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગનાઅધિક મુખ્ય સચિવ શ્રી સુનયના તોમર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્રસચિવશ્રી મોહમ્મદ શાહિદ, પોલીસ વિભાગમાંથી આઈ.જી.પી. શ્રી ગગનદીપ ગંભીર, કલેક્ટર શ્રી સુજિત કુમાર સહિતવિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ કરતાં મંત્રીશ્રી મુળુભાઈ બેરા

કમલમ્,સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક જન્મસ્થળ ખાતેજિલ્લાના પ્રબારી એવમ પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી મુળુભાઈ બેરાના વરદ હસ્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા ખાતે ૫૦૦૦ ચો. મી. પરિસર માં ઐતિહાસિક જન્મસ્થળ અને આજુબાજુમાં આવેલ સરકારી ઈમારતોનું સંકળીને રૂ.૩૪ કરોડનાખર્ચેભવ્ય રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલયતથા રૂ.૦૫કરોડના ખર્ચે વિશાળ, સમુધ્ધ, અદ્યતન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલયનું નિર્માણ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. આ તકે મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ મેઘાણી-પ્રતિમાનેપુષ્પાંજલિ અર્પણ કરીહતી. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાન કભાઈ મેઘાણીએ મંત્રીશ્રીનું બુક અને પ્રાકૃતિક છોડ અર્પણ કરીભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ પુસ્તકાલય ને ખુલ્લું મૂક્યું હતું. રાજ્ય સરકારશ્રી દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ બે માળના અત્યાધુનિક સરકારી પુસ્તકાલયને મંત્રીશ્રીએ મહાનુભાવો સાથે રસપૂર્વક નિહાળ્યું હતું. આ પુસ્તકાલયમાંમેઘાણીજીના તમામ સાહિત્ય સર્જનને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જેનો સંશોધકો સંશોધનના હેતુસર પણ ઉપયોગ કરી શકશે. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે પણ જરૂરી સાહિત્ય, પુસ્તકો મળી રહેશે. તદુપરાંત ઝવેરચંદ મેઘાણીના જીવન કવનને આલેખતું માહિતીસભર સચિત્રપ્રદર્શન સાથે જુદી જુદી૦૭ ગેલેરીઓ ખુબ જ રસપૂર્વક નિહાળી હતી. આ તકે મંત્રીશ્રી મુળુભાઈબેરાએ ઝવેરચંદ મેઘાણીને ભાવાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગતબાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટ સ્થિત રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮ તેમજ શૌર્યભૂમિ ધંધુકા (જિ. અમદાવાદ) સ્થિત જિલ્લા પંચાયત ના રેસ્ટ-હાઉસનો પણ સ્મૃતિ-સ્થળ તરીકેવિકાસ કરવામાં આવ્યો છે. મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ જુદાજુદા મ્યુઝિયમોમાં રિસ્ટોરેશનની કામગીરી કરવામાં આવી રહી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પણ જુદાજુદારજવાડાઓનું સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યું છે. દ્વારકા ખાતેપણ અદ્યતન મ્યુઝિયમ બની રહ્યું છે. વધુમાં, ચોટીલા સ્થિત સંગ્રહાલયનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે કરવામાંઆવ્યું હતું. લોકાપણ પણ તેમનાહસ્તે કરવામાંઆવનાર હતું પરંતુ મુખ્ય મંત્રીશ્રી અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોવાના કારણે આવી શક્યા ન હોવાથી શુભેચ્છાઓ પાઠવી છે.તેમજણાવ્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, ચામુંડા માતાજીનાં તીર્થધામ તરીકે ચોટીલા જગવિખ્યાત છે. સમગ્ર વિશ્વમાંથી અહીં ભાવિ ભકતો દર્શનાર્થે આવતાં હોય છે ત્યારે ભાવિકો અને ખાસ કરીને નવી પેઢી આપણી ગૌર વવતી સંસ્કૃતિ-સાહિત્ય-સંગીતની મહામૂલી વિરાસતથી વધુ નિકટથી પરિચિત-પ્રેરિત થાય તે માટે આ સંગ્રહાલયની મુલાકાત લે તે ઈચ્છનીય છે. સુરેન્દ્રનગર સહિત અન્ય જિલ્લાના બાળકોને અહીં મુલાકાત કરાવી વિરાસતથી વાકેફ કરાવવા જોઈએ. પુસ્તકાલયના લોકાર્પણથી સિનિયર સિટીઝના સાથે યુવા દિકરા દીકરીઓ, સરકારીનોકરી માટે તૈયારી કરતા યુવાઓમાટે ઉપયોગીબની રહેશે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રીઅશ્વિનીકુમારવેષ્ણવ, પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક ડો. પંકજભાઈ શર્માએ પ્રસંગોચિત ઉદબોધનકર્યુંહતું.

લોકગીયક શ્રી અભેસિંહ રાઠોડે મેઘાણી-ગીતો થકી સ્વરાંજલિ અર્પણ કરીહતી.આતકે ચોટીલા ધારાસભ્ય શ્રી શામજીભાઈ ચૌહાણ, લીંબડી ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણા, અગ્રણીશ્રી વર્ષાબેન દોશી, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ,જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ. વાજિદ, નાયબ પોલીસ અધિક્ષક શ્રીવિશાલ રબારી, ચોટીલા પ્રાંત અધિકારી શ્રી હરેશમકવાણા, ગ્રંથાલય નિયામક ડો. પંકજભાઈ ગોસ્વામી સહિતના પદાધિકારીશ્રીઓ અધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ-અમદાવાદ બુલેટટ્રેન કોરિડોર માટેમહારાષ્ટ્રમાં ફુલ સ્પાન લોન્ચિંગ ગેન્ટ્રી દ્વારા પ્રથમ ફુલ સ્પાન બોક્સ ગર્ડર લોન્ચ કરવામાં આવ્યું

કમલમ્,

નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (**NHSRCL**) એ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રાજોજ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે મહારાષ્ટ્રના દહાણુના સખરાં ગામમાં ફુલ સ્પાન લોન્ચિંગ ગેન્ટ્રી (**FSLG**) દ્વારા ૪૦ મીટર લંબાઈનો પ્રથમફુલસ્પાનપ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ (**PSC**) બોક્સ ગર્ડર લોન્ચ કર્યો. બુલેટ ટ્રેન કોરિડોરનોમહારાષ્ટ્ર સેગમેન્ટ ૧૫૬ કિમી લાંબો છે,

જે માં શિલફાટાથી ઝરોલી ગામ (મહારાષ્ટ્ર-ગુજરાત સરહદ) સુધીનો ૧૩૫ કિમીનોએલિવેટેડ રૂટશામેલ છે. આ ૧૦૩ કિમીનો એલિવેટેડ સેગમેન્ટ, જેને વાયડક્ટ કહેવાય છે, તે ૨,૫૩૫ ફુલ સ્પાન ગર્ડર (૪૦ મીટર લાંબો, લગભગ ૯૭૦ મેટ્રિક ટન વજન) દ્વારા બાંધવાની યોજના છે. અન્ય માળખામાં ૧૭ કિમીના સેગમેન્ટલ ગર્ડર્સ, ૨.૩ કિમીના ૧.૫-મીટર-લાંબા (૧.૫-મીટર-લાંબા) અને ૧.૬ કિમીના ૧.૫-મીટર-લાંબા (૧.૫-મીટર-લાંબા) પુલનો સમાવેશ થાય છે. તમાં સ્ટીલ પુલ, ૩ સ્ટેશન, ૭ પર્વતીય ટનલ (આશરે ૬ કિમી) અને ખાસ માટીના માળખાનો સમાવેશ થાય છે. શિલફાટાઅને ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ વચ્ચે કુલ ૧૩ કાસ્ટિંગ યાર્ડનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી ૫ હાલમાં કાર્યરત છે. આ સ્થાપિત ટેક્નોલોજીનો ઉપયોગ એપ્રિલ ૨૦૨૧થી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે થઈ રહ્યો છે, જે ગુજરાતમાં કુલ ૩૧૯ કિમી લાંબા વાયડક્ટને પૂર્ણ કરવામાં મદદ કરે છે.

- ફુલસ્પાન ગર્ડર્સ અને તેમના લોન્ચિંગ વિશે વધારાની માહિતી
- દરેક ૪૦મીટર લાંબા **PSC** બોક્સ ગર્ડરનું વજન આશરે ૯૭૦ મેટ્રિક ટન છે, જે તેને ભારતના બાંધકામ ઉદ્યોગમાં સૌથીમારે ઘટક બનાવેછે. આ ગર્ડર્સને એક જ મોનોલિથિક યુનિટે તરીકે કાસ્ટ કરવામાંઆવે છે - બાંધકામ સાંધા વિના - ૩૯૦ ક્યુબિક મીટર કોંક્રિટ અને ૨૨ મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ કરીને. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ફુલ સ્પાન ગર્ડર્સ પસંદ કરવામાં આવે છે કારણ કે તે બાંધકામ કાર્યને સેગમેન્ટલ ગર્ડર્સ કરતા ૧૦ ગણી ઝડપથી પૂર્ણ કરવામાં સક્ષમબનાવે છે.
- ફુલ સ્પાન પ્રી-કાસ્ટ બોક્સ ગર્ડર્સ ખાસ સ્વદેશી ભારે મશીનરી જેમ કે સ્ટ્રેડલ કેરિયર્સ, બ્રિજ લોન્ચિંગ ગેન્ટ્રીઝ, ગર્ડર ટ્રાન્સપોર્ટર્સ અને લોન્ચિંગ ગેન્ટ્રીઝનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવી રહ્યા છે. અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે, ગર્ડર્સ અગાઉથીકાસ્ટ કરવામાં આવે છે અને સમર્પિત કાસ્ટિંગ યાર્ડમાં વ્યવસ્થિત રીતે સ્ટેક કરવામાંઆવે છે.

મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિ (૦૫સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ)

- ગુજરાત એલિવેટેડસ્ટેશનો, એટલે કે થાણે, વિરાર અને બોઈસર પર કામ ઝડપથીચાલી રહ્યાંછે. વિરારઅને બોઈસર સ્ટેશનો માટેપહેલોસ્લેબ નાખવામાં આવ્યો છે.
- ● સમગ્ર રૂટ પર ઘણી જગ્યાએ ફાઉન્ડેશન અને થાંભલાઓનું કામચાલુ છે. અત્યાર સુધીમાં, લગભગ ૪૮ કિમીના થાંભલાઓનું કાસ્ટિંગ કરવામાંઆવ્યું છે.
- ● પાલઘર જિલ્લાના દહાણુ વિસ્તારમાં ફુલસ્પાન બોક્સ ગર્ડર લોન્ચિંગ દ્વારા પુલબનાવવાનું કામ શરૂથયું છે.

- ● પાલઘર જિલ્લામાં ૭ પર્વતીય ટનલનું ખોદકામ કાર્ય ચાલુ છે. અત્યાર સુધીમાં, ૬ કિમીટનલમાંથી કુલ ૨.૧ કિમી ટનલનું કામપૂર્ણ થઈગયું છે.
- ● વૈતરણા, ઉલ્હાસ અને જગણી નદીઓ પર પુલનું બાંધકામ શરૂ થઈ ગયું છે.
- ● મહારાષ્ટ્ર રાજ્યમાં બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સઅને શિલફાટા ખાતેમુંબઈ બુલેટ ટ્રેન ભૂગર્ભ સ્ટેશનવચ્ચે ૨૧કિમીલંબાઈની ભારતની પ્રથમ ભૂગર્ભ/સમુદ્ર ટનલનું બાંધકામ ચાલી રહ્યું છે. ૨૧ કિમી ટનલ બાંધકામના ફામમાંથી, ૧૬ કિમી ટનલ બોરિંગ મશીનો દ્વારાઅને બાકીના૫ કિમી દ્રછ્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. આમાં થાણે ક્રીક ખાતે ૭ કિમી અંડરસી ટનલનો પણ સમાવેશ થાય છે.
- ● શિલફાટાઅને **ADIT** પોર્ટલના બે સમાંતર ચહેરાઓ દ્વારા ન્યૂ ઓસ્ટ્રિયન ટનલિંગ મેથ્ડ (**NATM**) દ્વારા લગભગ ૪.૬૫ કિમીટનલ હાંસિલપૂર્ણ થઈ ગયું છે.
- ● વિક્રોલી (૫૬ મીટરની ઊંડાઈ પર) અને સાવલી શાફ્ટ (૩૯ મીટરની ઊંડાઈપર) બંને પર બેઝસ્લેબનું કાસ્ટિંગ પૂર્ણ થઈ ગયું છે.
- ● શાફ્ટ સ્થળોએ કાદવ શુદ્ધિકરણ પ્લાન્ટ સ્થાપિત કરવામાંઆવી રહ્યાંછે અને મહાપે ટનલ લાઈનિંગ કાસ્ટિંગ યાર્ડ ખાતે ટનલ લાઈનિંગ સેગમેન્ટ્સનું ઉત્પાદન કરવામાં આવીરહ્યું છે.
- ● બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે નિર્માણાધીન મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશન પર ખોદકામનું ૮૩% કાર્ય પૂર્ણ થઈ ગયું છે. સ્ટેશન સાઈટના બંને છેડા પર જમીનના સ્તરથી૧૦૦ફુટ નીચે બેઝસ્લેબનું કાસ્ટિંગ શરૂ થઈ ગયું છે.

પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલયમાં તૃતીય સોપાન સ્કાઉટ શિબિરનું સફળ આયોજનનો શુભારંભ

કમલમ્,

પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય, અમદાવાદ છાવણીમાં સ્કાઉટ નું તૃતીય સોપાન શિબિર આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૦૮/૦૯/૨૦૨૫ થી ૧૦/૦૯/૨૦૨૫ સુધી ચાલનારા ત્રણ દિવસના આ કાર્યક્રમમાં અમદાવાદ વિભાગમાંથી 33 શાળાઓના ૨૦૦ સ્કાઉટોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો શુભારંભ અમદાવાદ વિભાગના ઉપાયુક્ત શ્રી ધર્મેન્દ્ર પટેલજી દ્વારા દીપપ્રજ્વલન અને માતા સરસ્વતી તથા શ્રી ઠોડન પોવેલની તસ્વીર પર માલ્યાર્પણ સાથે કરવામાં આવ્યો હતો. તેમણે તૃતીય સોપાન પરિક્ષણ હેઠળ આવનારા વિવિધ પાસાંઓ વિશે માહિત આપી હતી અને જણાવ્યું કે સ્કાઉટ દેશપ્રેમની ભાવના જાગૃત કરે છે અને સમાજ તેમજ સંસ્કૃતિ સાથે જોડાવાનો મોકો આપે છે. પ્રાચાર્ય શ્રી સચિન કુમારસિંહ રાઠોરે તેમના સંબોધનમાં જણાવ્યું કે સ્કાઉટ વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક રીતે વિકસિત કરે છે અને તેમને સારા નાગરિક બનાવવામાં સહાય કરે છે. તૃતીય સોપાન શિબિર કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું અને આભાર જ્ઞાપન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

સુરેન્દ્રનગર ખાતે અંદાજિત ૪ કરોડના ખર્ચે નિર્મિત આધુનિક સરકારી પુસ્તકાલયના સ્ટડી રૂમનું જિલ્લા પ્રભારી મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે લોકાર્પણ

કમલમ્,સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર શહેરના મધ્યમાં આવેલા સરકારી પુસ્તકાલયમાં અદ્યતન સુવિધાઓ સાથેના સ્ટડી રૂમનું લોકાર્પણ વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાનાહસ્તે કરવામાંઆવ્યું હતું. આ પુસ્તકાલયના નવીનીકરણ પાછળ અંદાજિત રૂ. ૪ કરોડનો ખર્ચ થયો છે, જેમાં રૂ. ૧ કરોડના ખર્ચે અત્યાધુનિક ઈ-સ્માર્ટ લાઈબ્રેરીતૈયાર કરવામાંઆવી છે. આ પ્રસંગે મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે, સરકારી પુસ્તકાલયો આધુનિક સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહ્યા છે. આ પુસ્તકાલય ૧૯૫૮માંસ્થાપિતથયું હતું અને હવે તે આધુનિક ટેકનોલોજીથીસુસજ્જ થયું છે, જેનો લાભ વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને વાચકો લઈ શકશે. ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેવો સ્ટડીરૂમ તૈયાર કરવામાં આવ્યો છે. આ પુસ્તકાલયમાં ૫૫,૩૩૬ કરતાં વધુ પુસ્તકો ઉપલબ્ધ છેઅને તેનીસભ્ય સંખ્યા ૩૭૫૬ જેટલી છે, જેમાં ૧૨૪ બાળકો, ૧૨૧૩ મહિલાઓનો પણ સમાવેશથાયછે. વધુમાંતેમણે ઉમેર્યું હતું કે, આધુનિક સુવિધાઓથી સજ્જ નવીનીકરણ પામેલા આ પુસ્તકાલયમાં ૪૦૦ ચોરસ મીટરનો વિશાળ રીડિંગ હોલ અને ઈ-સ્માર્ટ લાઈબ્રેરીનો સમાવેશ થાય છે. ઈ-સ્માર્ટ લાઈબ્રેરીમાં વાચકો માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે જેમાં સીસીટીવી કેમેરા, ઈ-લર્નરઅને વાઈ-ફાઈ,એસીરૂમ અને કોન્ફરન્સ કોલ સુવિધા, અખબારો અને વિવિધ સામયિકો

પણ વાચકમિત્રોને મળી રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે આ લાયબ્રેરી ખૂબ જ ઉપયોગી નીવડશે. માતા પિતા ઉપર પણ કોઈ ખર્ચનો ભાર નહીંરહે. આ તકે ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામા આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિધાનસભાનાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, ધ્રાંગધ્રા ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, દસાડા ધારાસભ્ય શ્રી પી.કે. પરમાર, અગ્રણીશ્રી વર્ષાબેન દોશી, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિતનાંપદાધિકારીશ્રીઓ, જિલ્લા કલેકટર શ્રી રાજેન્દ્રકુમાર પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી નવનાથ ગવ્હાણે, જિલ્લાવિકિસત અધિકારી શ્રી કે.એસ. યાજ્ઞિક, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી અર્જુન ચાવડા સહિત સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ, અગ્રણી શ્રીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કે.વી.કે. વઘઈ દ્વારા RAWE પ્રોગ્રામ અંતર્ગત એકસપોઝર વિઝીટ યોજાઈ

કમલમ્,આહવા

વઘઈ ખાતે કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડૂતો અને મહિલાઓના ઉત્કર્ષ માટેની તાલીમોની સાથે સાથે RAWE (Rural Agricultural Work Experience) પ્રકલ્પ અંતર્ગત કે.વી.કે. ખાતે આવતા વિદ્યાર્થીઓને ખેતી વિષયક બહોળી માહિતીપુરી પાડવામાંઆવેછે. વિદ્યાર્થીઓને ખેડૂતોને ખેતીમાં આવતાપ્રશ્નોની સાચી જાણકારી મળીરહે તે હેતુસર ડાંગ જિલ્લાના વિવિધ ખેડૂતોના ખેતર તથા યુનિટ પર તા. ૨૮/૦૮/૨૦૨૫ થી ૦૩/૦૯/૨૦૨૫ દરમિયાન "Exposure Visit" ગોઠવવામાં આવી હતી. આ "Exposure Visit" દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈના વિવિધ વૈજ્ઞાનિકો દ્વારા ૭૮ જેટલા વિદ્યાર્થીઓને ગુંદીયા ગામે મરઘા ઉછેર કેન્દ્ર (Poultry Farm), બર મ્યાવડ ગામે નર્સરી યુનિટ તથા ભાપખલ ગામે પ્રાકૃતિકખેતીનું જંગલ મોડેલ, અંબિકા હળદર ફાર્મની મુલાકાત લેવડાવવામાં આવી હતી, તથા ખેતી સંબંધી નવા વ્યવસાય અંગેની તકો વિશે બહોળી માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ "Exposure Visit" માંડેલે રસ દાખવીને રસપૂર્વક બધા જ યુનિટની સઘળી માહિતી મેળવી હતીતથા ખેતી સંબંધિત વ્યવસાયમાં પોતાનાં મૂલ્યવાન ફાળોઆપવાનો સંકલ્પ કર્યો હતો.

કચ્છ જીલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા દ્વારા સાયરા ગામે યક્ષ મેળામાં મલ્ટિમિડીયા પ્રદર્શનનું ઉદ્ઘાટન

કમલમ્,

કચ્છનાપ્રસિદ્ધ યક્ષમેળા દરમિયાન ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રિય સંચાર બ્યૂરો, ભુજ દ્વારા સાયરા ગામ ખાતે મલ્ટિમિડીયા પ્રદર્શનનું આયોજન કરવામાંઆવ્યું છે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કચ્છ જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી જન કસિંહ જાડેજાના વરદહસ્તે આજે કરવામાંઆવ્યું હતું.

આપ્રદર્શન ૦૭થી૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ચાલશે. કાર્યક્રમની શરૂઆતમાં શાળાની વિદ્યાર્થિનીઓનાં સ્વાગતગીતઅને દીપપ્રાગટ્યથીથઈ હતી. અબડાસાનાં ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં કરવામાં આવેલા કાર્યો દેશના છેવાડાના ગામડે સુધી પહોંચ્યા છે. તેમણે લોકોને પ્રદર્શનની મુલાકાત લઈને સીધી માહિતી મેળવવા આહ્વાન કર્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ જન કસિંહ જાડેજાએ પોતાના સંબોધનમાં. "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ વૃક્ષારોપણનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારનીયુજનાઓનો લાભદરેકે નાગરિક સુધી પહોંચવો જોઈએ. સાથે જ મલ્ટિમિડીયા પ્રદર્શનના સુંદર આયોજન બદલ કેન્દ્રિય સંચાર બ્યૂરો,ક્ષેત્રિય કાર્યાલય, ભુજને અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્રિય સંચાર બ્યૂરો, ભુજ ના ક્ષેત્રિય અધિકારી શ્રી કમલેશભાઈ મહેશ્વરીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે આ પ્રદર્શન દ્વારા કેન્દ્ર સરકારના ૧૧ વર્ષ સેવા સુશાસનના અવસર પરસરકારની સિદ્ધિઓ તથા વિકિસલોકકલ્યાણકારી યોજનાઓની માહિતીપ્રજાજનો સુધીપહોંચાડવામાં આવી રહી છે.

આ મલ્ટિમિડીયા પ્રદર્શન દ્વારા કેન્દ્ર સરકારની અનેક યોજનાઓની માહિતી દૃશ્યાત્મક અને સરળ રૂપે રજૂ કરવામાં આવીછે.

જેથી મેળામાં આવતા લોકો સીધો લાભ લઈશકે તેમજ "એક પેડમાં કે નામ" વિતરણ વન વિભાગ કચેરી, નખત્રાણાનાં સ્ટોલ પરથી આજ રોજ ૩૫૦ રોપાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ આઈસીડીએસ કચેરીના સ્ટોલ પર પોષણ જાગૃકતા અંગેની રંગોળી તેમજ વાનગી નિદર્શન કરવામાં આવ્યું હતું. આઈ સી ડી એસ, પોસ્ટ વિભાગનાસ્ટોલ પર પોસ્ટ ની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ કેન્દ્રીય સંચાર બ્યૂરો, ભુજ નાસ્ટોલ ૧૧વર્ષ સેવાસુશાસન ગરીબ કલ્યાણ અંગે બુકસનું વિતરણ કર વામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પુનઃઉપયોગી કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું. સાથે જ પૂર્વપ્રચાર અંતર્ગત તાલુકાની વિવિધ શાળાઓમાંયોજાયેલી નિબંધ, વક્તૃત્વ, ચિત્ર તેમજ અન્ય સ્પર્ધાઓના વિજેતાઓને મહેમાનોનાહસ્તે ઈનામવિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભુજ ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, માંડવી ધારાસભ્ય શ્રી અનિરુદ્ધ દવે, કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી મોહન ભાઈ પટેલ, પ્રાંત અધિકારી શ્રી ઉત્કર્ષ ઉજ્જવલ, મામલતદાર શ્રી રાકેશભાઈ પટેલ, તાલુકાપંચાયત પ્રમુખ ભાવનાબેન પટેલ, તાલુકાવિકાસ અધિકારી શ્રી દિક્ષિત ઠક્કર, સાયરા ગામના સરપંચ શ્રી જયંતીભાઈ નાકરાણી તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મલ્ટિમિડીયા પ્રદર્શન ૦૭ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન યક્ષમેળાની મુલાકાતે આવતા લોકો માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે. મેળાની મુલાકાતે આવતા લોકો માટે આ પ્રદર્શન સરકારની વિવિધ યોજનાઓ અંગેજાગૃતતા વધારવામાંએક અસરકારક માધ્યમ સાબિત થશે.

કમલમ્,

માનનીય વડાપ્રધાનશ્રીના પૂજનીય માતા વિરો હિરાબા અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને અપમાનિત કરવામાં આવ્યા તેના વિરોધમાં તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન પટેલ,કોર્પોરેટર ભાગનાબેન ઠાકોર,સંગઠન મહિલા મોરચાના તારાબેન ઠાકોર,નિરુપાબેન પટેલ, સાવિત્રીબેન શર્મા તથા માણસા તાલુકા/શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા આજ રોજ ૦૮/૦૯/૨૫ સોમવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે માણસા ખાતે ઈદારા ચોકડીથી મામલતદાર ઓફીસ આવેદનપત્ર મહિલા મોરચાના બેનર હેઠળ યોજવામા આવ્યો.

મામલતદાર સાહેબને આવેદનપત્ર આપી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.આ કાર્યક્રમમા પાર્ટીનાં તાલુકા/ શહેર આગેવાનો,પદાધિકારીઓ,તાલુકા/ જિલ્લા પંચાયત મહિલા સદસ્યો,મહિલા કોર્પોરેટર, મહિલા મોરચાના પદાધિકારીઓ તથા કાર્યકર્તા, મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા

ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલના ભાગ રૂપે ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં સાંસદો સાથે સાયકલ ચલાવી, નાગરિકોને મેડ ઈન ભારત ઉત્પાદનો ખરીદવા અપીલ કરી

કેન્દ્રીય રમતગમત મંત્રીએ મોટાભાગની રમતગમતના સાધનો પર GST 12 થી ઘટાડીને ૫ ટકા કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો, જેનાથી સામાન્ય માણસ માટે વધુ કિફાયતી અને સુલભ બની શકે.

રાજ્યમંત્રી રક્ષા ખડસેએ "ઈંગર્વસેસ્વદેશી" માટે પોતાનો ટેકો આપવાનું વચન આપ્યું, આત્મનિર્ભર અને સ્વસ્થ ભારત પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને ફરીથી વ્યક્ત કરી

કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ ભારતીય બનાવટના ઉત્પાદનોનાં પ્રોત્સાહન આપતા 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' પહેલના ભાગ રૂપે પ્રતિષ્ઠિત ઈન્ડિયા ગેટ અને કર્તવ્ય પથની આસપાસ સંસદ સભ્યો સાથે સાયકલ ચલાવી હતી. ભારતીય રેલવે સાથે ભાગીદારીમાં દેશભરમાં ૮૦૦૦ સ્થળોએ ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલનું ૩૯મું સંસ્કરણ યોજવામાં આવ્યું હતું. નવી દિલ્હીમાં, ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિક દ્વારા સવારે ૭ વાગ્યે મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમથી આ કાર્યક્રમને લીલી ઝંડી આપી હતી જેમાં ૧૫૦૦થી વધુ સાયકલ સવારો અને ફિટનેસ ઉત્સાહીઓ હાજરરહ્યાહતા. સન્ડે ઓન સાયકલના આ સંસ્કરણમાં એક નવો ઉમેરોજોવા મળ્યો: 'ગર્વ સેસ્વદેશી' ની ઉજવણી, જેમાંભારતીય સ્પોર્ટસવર અને ફિટનેસ બ્રાન્ડ્સે સહભાગીઓ માટે સ્વદેશી વસ્તુઓ સાથે તેમના સ્ટોલ મુક્યા હતા. આ કાર્યક્રમમાંભાગ લેનારા સંસદ સભ્યોમાં કૃષિ રાજ્ય મંત્રી ભગીરથ ચૌધરી, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ, નવીન જિંદાલ, પુરુષોત્તમ રૂપાલા, પ્રભુભાઈ વસ્તા, હેમાંગ જોશી, સુભાષ બરાલા, ભાજરાજ નાગ અને રમેશ બિધુડી નો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાટે કે લંબાઈની દ્રષ્ટિએ ત્રિષ્ના સૌથી મોટો રેલવે નેટવર્કમાંના એક ભારતીય રેલવેને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ભારતીય રેલવેના ૨૫૦થી વધુ કર્મચારીઓએ સાયકલ ચલાવવાની પહેલમાં ભાગ લીધો હતો. સાયકલિંગ રૂટ પૂર્ણ કર્યાપછી ડૉ. માંડવિયાએ કહ્યું: ""મને આનંદ છે કે અમારી રવિવાર યોજાતી 'સંડેસ ઓન સાયકલ' પહેલમાં નાગરિકોની ભાગીદારી સતત વધી રહી છે. આ પહેલ હવે જુનમાંદોલન બની ગઈ છે અને સક્રિય જીવનશૈલી અપનાવવાઅંગે લોકોમાંનોધપાત્ર જાગૃતિ કેલાઈ છે. આજે મેં 'ગર્વથીસ્વદેશી' થીમ અંતર્ગત સાંસદો સાથે સાયકલ ચલાવી. આ અવસર હું તમામ નાગરિકોને અપીલ કરું છું કે તેઓ 'મેડઈનભારત' ઉત્પાદનોનો ઉપયોગ કરે." રમતગમતના સાધનો પર તાજેતરમાં GST ઘટાડા અંગે, ડૉ. માંડવિયાએ કહ્યું, "મોટાભાગના રમતગમતના સામાન પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) 12 ટકાથી ઘટાડીને ૫ ટકા કરવા બદલ અમે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આભારી છીએ. આનાથી આ વસ્તુઓ નાગરિકો માટે સસ્તી બનશે અને તેમને રમતગમત અને ફિટનેસ પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય રીતે ભાગ લેવા માટે પ્રેરિતકરશે. માંગમાંવધારો થવાથી ભારતીય રમતગમતના સાધન ઉત્પાદન એકમોના ઉત્પાદન ને પણ વેગ મળશે અને રમતગમતનીઈકોસિસ્ટમ મજબૂત બનશે." યુવા બાબતોઅને રમતગમત રાજ્યમંત્રી, શ્રીમતી. રક્ષા નિખિલ ખડસેએ ઠ પર કહ્યું: "દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે #SundaysOnCycle નીડલ્મી આવૃત્તિમાં જોડાવાનો મને ગર્વ છે - માનનીય કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાજીના નેતૃત્વમાં એક અદ્ભુત ફિટનેસ ચળવળ.

આ કાર્યક્રમમાં માનનીય સાંસદો, ઓલિમ્પિક ચેમ્પિયન સાક્ષી મલિકઅને SAI અનેભારતીયરેલવેના મહાનુભાવો એકતાના જીવંત પ્રદર્શનમાં જોડાયા. સાથે મળીને, અમે "#GarySeSwadeshi" નુંસૂત્ર આપ્યું, જે આત્મનિર્ભર અને ફિટર ભારત પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને ફરીથી વ્યક્ત કરે છે." ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિકે રવિવારે સાયકલ ચળવળમાં ભાગ લીધા પછી પોતાનો આનંદ વ્યક્ત કર્યો. તેમણે દેશની વસ્તીમાં ફિટનેસને પ્રોત્સાહન આપવા અને રમતવીરોને રાષ્ટ્ર માટે ગૌરવ મેળવવા માટે સમર્થન આપવાના સરકારના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો. 'ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલ પહેલનો ભાગબનવાનો મનેઆનંદ છે. આજે, ભારત સરકાર અને રમતગમત મંત્રાલય દ્વારા દેશભર માં ૮૦૦૦થી વધુ સ્થળોએ તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આપણા પ્રધાનમંત્રીએ ૨૦૧૯માં ફિટ ઈન્ડિયાની શરૂઆત કરી હતીઅને આપણા રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ડિસેમ્બર ૨૦૨૪માં સન્ડે ઓન સાયકલ પહેલ શરૂ કરી હતી. હજારો લોકો અને ખાસ કરીને અમારો સંસદ સભ્યો સાથે સાયકલ ચલાવવાનો આપહેલો અનુભવ હતો. હું દરેકને ફિટનેસ અને તેમના શારીરિક સ્વાસ્થ્ય માટે દર રોજ એક કલાક સમર્પિત કરવા કહેવા માંગુ છું," સાક્ષીએ કહ્યું. 'ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલ'નુંઆયોજન યુવાબાબતોઅને રમતગમત મંત્રાલય (MYAS) દ્વારા સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), યોગાસન ભારતઅને MY Bharat ના સહયોગથીકરવામાં આવે છે. આસાયકલિંગ ઝુંઝવતમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓમાં એકસાથે યોજવામાં આવે છે, ઉપરાંત SAI પ્રાદેશિક કેન્દ્રો, રાષ્ટ્રીય શ્રેષ્ઠતાકેન્દ્રો (NCOEs), SA તાલીમ કેન્દ્રો (STCs), ખેલો ઈન્ડિયા રાજ્ય શ્રેષ્ઠતા કેન્દ્રો (KISCEs) અને ખેલો ઈન્ડિયા કેન્દ્રો (KICs) વિવિધ વય જૂથોમાંઉપલબ્ધ છે.

અમદાવાદના નળકાંઠામાં સિંચાઈના પાણીથી વંચિત ૩૯ ગામો સુધી રૂ. ૧,૫૩૬.૮૬ કરોડના ખર્ચે પાણી પહોંચાડાવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે: મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

નળકાંઠા યોજના હેઠળ કુલ ૩૭૪ કિ.મી લાંબા પાઇપલાઈન નેટવર્કથી ૩૫,૪૮૬ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ માટેનું પાણી પૂરું પાડવામાં આવશે

- **પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણતાના આરે; ૨૬.૧૮ કિ.મી. પૈકી ૨૨.૭૮ કિ.મી.માં પાઇપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ**
- **દ્વિતીય તબક્કાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ; દ્વિતીય તબક્કામાં ૩૪૮ કિ.મી. લાંબુ પાઈપલાઈન નેટવર્ક નાખવામાં આવશે**
- **સિંચાઈના પાણીથી વંચિત રહેલા આ ગામના ખેડૂતો પાણીની ઉપલબ્ધતાથી બે સીઝન લઈને વધારે આવક મેળવી શકશે**

કમલમ્,

વિધાનસભા ગૃહ ખાતે ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાના નળકાંઠામાં સિંચાઈના પાણીથી વંચિત ૩૯ ગામના ૩૫,૪૮૬ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટેનું પાણી પૂરું પાડવા રાજ્ય સરકાર રૂ. ૧,૫૩૬.૮૬ કરોડની વિશેષ "નળકાંઠા યોજના" અમલમાં મૂકી છે. નળકાંઠા યોજનામાં સાણંદ તાલુકાના ૧૪ ગામ, બાવળા તાલુકાના ૧૨ ગામ અને વિરમગામ તાલુકાના ૧૩ ગામનો સમાવેશ કરવામાંઆવ્યો છે. મંત્રી શ્રી પટેલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, આયોજના હેઠળ નળકાંઠાના છ વાડાના ગામોનો નર્મદા કમાન્ડમાંસમાવેશ કરવામાં આવશે તથા પાઈપલાઈન અને કેનાલમારફતે આગામના ખેડૂતોને સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત નર્મદા નહેર અને કુતવાડીનૂહેર યોજના હેઠળ સમાવિષ્ટ વિસ્તારમાં પણ સિંચાઈની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. સાથે જ, ૨૩ તળાવો તથા માટીબંધને પણ ઈન્ટરલીંક કરવામાં આવશે. નળકાંઠા યોજનાના પ્રથમ તબક્કામાં રૂ. ૩૭૭.૬૫ કરોડના ખર્ચેકુલ ૨૬.૧૮કિલોમીટર લાંબુ એમ.એસ. પાઈપલાઈનનું નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે. યોજનાનો પ્રથમ તબક્કો લગભગ પૂર્ણતાને આરે છે. તા. ૩૧ જુલાઈ,૨૦૨૫ સુધીમાં ૨૨.૭૮ કિલોમીટર લેમાઈનમાંપાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ થઈ છે, બાકીનીકામગીરી ટૂંકજ સમયમાં પૂર્ણ થશે. યોજનાના આ પ્રથમ તબક્કામાં ગોધાવી-ગોરજ રૂઈનનું લાઈનીંગ કરી કતેવાડી નહેરમાં જોડાણ, ધોળકા શાખા નહેર અને કતેવાડી નહેરનું જોડાણ, સાણંદ શાખા નહેરમાંથી નવી પાઈપ લાઈન તેમજ સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી ઘોડા ફીડર રૂઈન સુધી નવી પાઈપ લાઈનની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમ તેમણે કહ્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, યોજનાનાદ્વિતીય તબક્કામાં કુલ રૂ. ૧,૧૫૪.૬૫ કરોડના ખર્ચે મુખ્ય પાઈપલાઈન નને લાભિત ગામોના છેવાડાના વિસ્તાર સુધી લંબાવવામાં આવશે. દ્વિતીય તબક્કાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે. જેથી દ્વિતીય તબક્કાની કામગીરી પણ ટૂંક જ સમય માં શરુ થશે. દ્વિતીય તબક્કામાં મુખ્ય પાઈપલાઈનથી સબ-લાઈન અને સબ-લાઈન ઉપર પ્રત્યેક ૨૫ થી ૪૦કિલોમીટર વિસ્તાર વચ્ચેએક કુંડી દ્વારા સિંચાઈનું પાણી વિતરણ કરવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય પાઈપલાઈન થકી લાભિત ગામો સુધી પાણી પહોંચાડવા દ્વિતીય તબક્કામાં ૧૫૭ કિલોમીટર એમ.એસઅને ૧૯૧ કિલોમીટર ડી.આઈ પાઈપલાઈન મળીને કુલ ૩૪૮ કિલોમીટરનું નેટવર્ક ઉભુંકરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

IOT ટેકનોલોજીની મદદથી FSL માત્ર ગુજરાતના જ નહીં પરંતુ દેશના અન્ય રાજ્યોના હિટ એન્ડ રન કેસના ડિટેકશનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે: ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

FSL ખાતે વર્તમાનમા IOT ફોરેન્સિક ટૂલ ફોર વ્હીલ ડિવાઇસીસ, IOT ફોરેન્સિક ટૂલ ફોર વેરેબલ અને મેડિકલ ડિવાઇસીસ અને IOT ફોરેન્સિક ટૂલ ફોર એમ્બેડેડ ડિવાઇસીસ જેવી અદ્યતન ટેકનોલોજીની સુવિધા ઉપલબ્ધ

કમલમ્,

રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમા IOT ના વૈજ્ઞાનિક પરિક્ષણ માટેની સુવિધા અંગે વિધાનસભા ગૃહમા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષસંઘવીએ જણાવ્યું કે, રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે IOT ફોરેન્સિક ટૂલ ફોર વ્હીલ ડિવાઈસીસની મદદથી હીટ એન્ડ રન કેસમાં બનાવ સમયે વાહનની સ્પીડ મેળવીશકાય છે. ગુજરાતની FSL આ ટેકનોલોજીની મદદથી માત્ર ગુજરાતના જ નહીં પરંતુ દેશના અન્ય રાજ્યોનાહિટએન્ડરન જેવા કેસના ડિટેકશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. અમદાવાદના એક ચકચારી હિટ એન્ડ રન કેસમાં પણ આ ટેકનોલોજીનો ઉપયોગ થયો હતો જેમાં આરોપીને હજુ જામીન મળી શક્યા નથી.

તા. ૩૧મી જુલાઈ ૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય ની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમા IOT ના વૈજ્ઞાનિક પરિક્ષણ માટેની સુવિધા અંગે વધુ વિગત આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, FSL ખાતે વર્તમાનમાં IOT ફોરેન્સિક ટૂલ ફોર વ્હીલ ડિવાઈસીસ, IOT ફોરેન્સિક ટૂલ ફોર વેરેબલ અને મેડિકલ ડિવાઈસીસ અને IOT ફોરેન્સિક ટૂલ ફોર એમ્બેડેડ ડિવાઈસીસ જેવી અદ્યતન ટેકનોલોજીની સુવિધાઉપલબ્ધ છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વાહનમાંથી મેળવેલા ડેટાના આધારે ગુન્હા સમયે વાહનનું જી.પી.એસ. લોકેશન, વાહન અથડાવવાથી થયેલી અસર, ટીપની વિગત, વાહનમાં ખરાબી હોય તો તેની વિગત, વાહન સાથે કનેકટ થયેલા મોબાઈલ જેવા પેયર ડિવાઈસની વિગત જેમાં સ્ટેટ થયેલ કોન્ટેકટ અને કોલ લોગની માહિતી મેળવી ગુન્હા સંબંધીતવૈજ્ઞાનિક પુરાવાઓ મળવીશકાય છે.

'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત ૧૫ વર્ષમાં રૂ. ૫૭ હજાર કરોડની જોગવાઈ કરાઈ: મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

જુનાગઢ મહાનગરપાલિકામાં પાણી પુરવઠા યોજનાના કુલ ૦૩ પ્રોજેક્ટ માટે કુલ રૂ. ૭૦.૮૯ કરોડની ફાળવણી

કમલમ્,

'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત થયેલ વિકાસ કાર્યો ના વિધાનસભામા પૂછાયેલ પ્રશ્નના ઉત્તરમાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતુંકે, આયોજના અંતર્ગત રાજ્યમાં પ્રથમ તબક્કા(વર્ષ ૨૦૦૮થી ૨૦૧૨) માટે રૂ. ૭ હજાર કરોડની જોગવાઈ કરવામાંઆવી હતી. તેવીજ રીતે બીજા તબક્કા(વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭) માટે રૂ. ૧૫ હજાર કરોડ અને વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધી કુલ રૂ. ૩૫,૭૦૦ કરોડની જો ગવાઈ કરવામાં આવીહતી. આમ, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૪ સુધીમાં રૂ. ૫૭,૭૦૦ કરોડની જો ગવાઈ કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્ય ના તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં વર્ષ ૨૦૦૮માં 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અમલમાં મુકવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીએ સમગ્રદેશમાં ૧ લાખથી વધુ વસ્તીવાળા ૫૦૦ શહેરો પસંદ કરી જૂન-૨૦૧૫માં અમૃત મિશન શરૂ કર્યું હતું, જેમાં ગુજરાતના ૩૧ શહેરોનો પણ સમાવેશ કરવામાંઆવ્યો છે.

જુનાગઢ મહાનગરપાલિકા

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, આ યોજના અંતર્ગત જુનાગઢ મહાનગરપાલિકામાં પાણી પુરવઠા યોજનાના કુલ૦૩ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે, જે પૈકી૦૧ પ્રોજેક્ટપૂર્ણ કરવામાં આવ્યો છે, તેમજ ૦૨ પ્રોજેક્ટમાં કામગીરી પ્રગતિમાંછે, જે વર્ષ ૨૦૨૬માંપૂર્ણ કરવાનું આયોજન કરવામાંઆવ્યું છે. આ કામગીરી પાછળ કુલ રૂ. ૭૦.૮૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ યોજના અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકાના ઝોન-૯ અને ૧૦માં પાણી પુરવઠા યોજનાના રૂ. ૨૨.૧૭ કરોડના કામોમાંથી રૂ. ૨૧.૦૯ કરોડના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઝોન-૩માં પાણી પુરવઠા યોજનાના રૂ. ૨૧.૭૨ કરોડના તેમજ ઝોન-૭માં રૂ. ૧૩.૨૭કરોડનાકામ પૂર્ણકરવામાંઆવ્યા છે.

વલસાડ નગરપાલિકા

અમૃત ૨.૦ મિશનઅંતર્ગત વલસાડ નગરપાલિકાની કામગીરી વિશે મંત્રીશ્રીએ જણાવ્યું હતુંકે, છેલ્લાબે વર્ષમાંઆ મિશન અંતર્ગત વલસાડ નગરપાલિકામાં કુલ ૦૯ કામ હાથ ધરવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૦૩ કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. તેમજ બાકી રહેલા કુલ ૦૬ કામો વર્ષ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આગામી ૨૦ થી ૨૫ વર્ષના આયોજના આયોજન થકી પાણી પુરવઠા યોજના અંતર્ગતરાજ્યના દરેક શહેરીજનોને પોતાના ઘર સુધી પીવાનું શુધ્ધ પાણી પાઈપ લાઈન મારફત પુરૂ પાડવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

બિહારમાં કોંગ્રેસ અને આરજેડી ના જાહેર મંચ પરથી કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સ્વર્ગીય માતૃશ્રી પર અભદ્ર અને અશોભનીય ટિપ્પણીના વિરોધમાં ભારતીય જનતા પાર્ટી -સુરત મહાનગર

મહિલા મોરચા દ્વારા ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગરના પ્રમુખ શ્રી પરેશ પટેલ અને સુરત મહાનગરના મેયર શ્રી દક્ષેશ માવાણી ની ઉપસ્થિતિમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન

કમલમ્,

કોંગ્રેસ ફરી એક વખત પોતાની વિકૃત અને હલકી માનસિકતા છતી કરતા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સ્વર્ગીય માતૃશ્રી પર અભદ્ર અને અશોભનીય ટિપ્પણી કરી હતી. જેના વિરોધમાં આજે ઈચ્છાનાથ મહાદેવ મંદિર પાસે, અઠવાલાઈન્સ ખાતે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર મહિલામોરચા દ્વારાધરણપ્રદર્શન કરવામાં આવ્યું હતું અને કલેકટરશ્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી -- સુરત મહાનગર મહિલા મોરચાનાઅધ્યક્ષ શ્રીમતી શીલાબેન તારપરાએ જણાવ્યું કે 'માતા' નું ઈશ્વર સમાન સ્થાન છે. 'માતૃદેવો ભવ',એટલે કમાતા એ જ દેવીછે.... પરંતુદુર્ભાગ્યનીવાત છે કે આજે રાજકારણની અંધ સ્પર્ધામાં કોંગ્રેસ આ મૂલ્યને ભૂલી છે.આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વગંસ્થ માતા વિશે જાહેર માં અભદ્ર અને અશોભનીય ટિપ્પણીઓ બદલ રાહુલ ગાંધી સહિત સમગ્ર કોંગ્રેસ પાર્ટી માફી માંગે. ભારતીય જનતા પાર્ટી -- સુરતમહાનગરના પ્રમુખશ્રી પરેશ પટેલે જણાવ્યું હતું કે આ માત્ર મોદીજીના માતાજીનું નહીં પરંતુ સમગ્ર ભારતની માતાઓનું અપમાન છે. આ ઘટના આપણા સામાજિક મૂલ્યો, સંસ્કારો અને માનવીય સંવેદનાઓની હત્યા સમાન છે. રાજકારણ માટે અસહમતિ હોઈ શકે, નીતિઓ અંગે ચર્ચા થઈ શકે, પરંતુ માતા-પિતાને અપમાન કરવાનો કોઈને અધિકાર નથી અને આ ઘટનાની કડક નિંદા કરું છું. સુરત મહાનગરના મેયર શ્રી દક્ષેશ માવાણી એ કોંગ્રેસ દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સ્વર્ગીય માતૃશ્રી પર અભદ્ર અને અશોભનીય ટિપ્પણીના વિરોધમાં કહ્યું હતું કે માતા-પિતા આપણા જીવનની સચ્ચીપ્રેરણા છેઅને તેમનું અપમાન કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ઉપરોક્ત પ્રસંગે ભારતીય જનતા પાર્ટી -- સુરત મહાનગર મહામંત્રી શ્રી કિશોરભાઈ બિલ્લ , ઉપપ્રમુખ શ્રી પંકજ દેસાઈ , સુરત મહાનગરપાલિકાના શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી સહિત મોટી સંખ્યામાં મહિલા કોર્પોરેટર અને કાર્યકર્તાઓ હાજર રહ્યાહતા.

ધોળીધજા ડેમ પાસે નવનિર્મિત ધોળીધજા પાર્કનું ખાતમુહૂર્ત કરતાં પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા

નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રીઓ, કલેક્ટરશ્રી સહિતના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓની વિશેષ ઉપસ્થિત

સુરેન્દ્રનગર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા સુરેન્દ્રનગર ખાતે ધોળીધજા ડેમ પાસે રૂ. ૨૩.૩૯ કરોડના ખર્ચે ધોળીધજા ડેમ પાર્કના વિકાસકાર્યનું ખાતમુહૂર્તગુજરાતના પ્રવાસન, સંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ વિભાગના મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજા અર્ચના દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદેશ પ્રવાસનને વેગ આપવા સાથે પર્યાવરણની જાળવણી કરવાનોછે. જેમાંગ્રીન કવર વધારવાપર વિશેષ ભાર મૂકવામાં આવશે. વિકાસકામના ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીશ્રી મુળુભાઈબેરાએપ્રસંગેઉપસ્થિત રહતા કહ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં આજે શિક્ષણ, સંસ્કૃતિ અને પ્રવાસનને વેગ આપતા વિવિધ પ્રોજેક્ટસનું લોકાર્પણ અને ખાતમુહૂર્તકરવામાં આવ્યું છે. ધોળીધજા ડેમપર પ્રવાસનપ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે બોટિંગસુવિધાઓ પણ ભવિષ્યમાં શરૂ કરવામાં આવશે. ધરાઈ ડ્રેમની જેમ અહીં પણ એડવેન્ચર એક્ટિવિટી થઈ શકશે. પરિણામે આ પ્રોજેક્ટથીસુરેન્દ્રનગર અને આસપાસના વિસ્તારોમાં પ્રવાસનને વેગ મળશે. પર્યાવરણની જાળવણી પર ભાર મુકતાતમણે સ્પષ્ટ કહ્યું કે, ગ્રીન કવર વધારવા માટે સરેડક દ્વારા વધુમાં વધુવૃક્ષો વાવવામટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ પાર્કના વિકાસ કામમાંએક પણ ઝાડખોટી રીતેકાપવામાંનહીંઆવે. જો કોઈ વૃક્ષ અડચણરૂપ થતુ હશે તો પણ ડિઝાઈન બદલી વૃક્ષ મુજબ કરવામાંઆવશે, તેવોભાવ વ્યક્ત કર્યો હતો. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ પાર્ક નિર્માણથી સુરેન્દ્રનગર જિલ્લાના પ્રવાસનને નવી દિશા મળશે અને સ્થાનિક અર્થતંત્ર વેગવાન બનશે. સરકાર પ્રવાસન ક્ષેત્રના વિકાસમાટે કટિબદ્ધછે અને આવા વધુ પ્રોજેક્ટસ આગામી સમયમાં પણ શરૂ કરવામાં આવશે. આ તકે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ પ્રસંગોચિત ઉદબોધન કરતાં કહ્યું હતું કે,આ પાર્કનુંગુણવત્તાયુક્ત નિર્માણકાર્ય માત્ર દોઢ વર્ષમાં પૂર્ણ થવાનું છે. જિલ્લામાં અગાઉ વટેશ્વર વન અને ભક્તિ વન જેવાસાંસ્કૃતિક વનોની ભેટ પણ મળી છે. આપ્રોજેક્ટથીસુરેન્દ્રનગરનોવિકાસ થશે અને શહેરના લોકોને સુવિધા મળશે. આ પ્રોજેક્ટ સુરેન્દ્રનગર જિલ્લા માટે ગૌરવની વાત છે. આ પાર્ક માત્ર એકપ્રવાસન સ્થળ નહીં, પરંતુ શહેરના સૌંદર્ય અને વિકાસનું પ્રતિક બનશે. તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રભારી મંત્રી શ્રી મુળુભાઈ બેરાનોઆ પ્રોજેક્ટનેમંજૂરી આપવાબદલ આભાર માનતા ઉમેર્યું હતું કે, ધોળીધજા ડેમખાતે કરાણા ડેમ જેવો જ આકર્ષક લાઈટ એન્ડ સાઉન્ડશો બનાવવામાં આવે તેવીરજૂઆત છે.

દીપપ્રાગટયથીકાર્યક્રમનીશરૂઆતથયા બાદ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ, મોમેન્ટો અર્પણ કરી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાંગડા ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, દસાડાધારાસભ્ય શ્રી પી.કે. પરમાર, લીંબડી ધારાસભ્ય શ્રીકિરીટસિંહ રાણા,અગ્રણીશ્રી વજીભાઈ દોશી, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર શ્રી રાજેન્દ્રકુમાર પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગવ્હાણે , જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ. યાજ્ઞિક, પ્રાંતઅધિકારી શ્રી મેહુલ ભરવાડ, પ્રવાસન વિભાગના અધિકારીશ્રીઓ સહિતના પદાધિકારીશ્રીઓ, સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સંતરમપુર નગરના પ્રતાપુર મહાકાળી માતાના મેદાન ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઐતિહાસિક રવાડીના મેળાનું ઉદ્ઘાટન કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર સાહેબ ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. મેળાઓ માનવીના જીવનમાં ઉત્સાહ, ઉમંગ, જોમ, જુસ્સો અભિવ્યક્ત કલા સંસ્કૃતિનો આનંદ ભરે છે હર કોઇ વ્યક્તિને અભિવ્યક્ત કરવાની તક પ્રાદેશિક મેળામાં લોકોનો સંપડે છે. જૈન સમાજ દર વર્ષે ભાદરવા સુદ પાંચમથી ચૌદશ સુધી મહા પર્યુષણપર્વ ઉજવણી કરે છે. અને ત્યારબાદ પૂજમે નાની રવાડી તથા એકમ અને બીજ રવાડી(લાકડાનો અને ચાંદીનો રથ) આદિનાથ તીર્થંકરની સોના-ચાંદીની પ્રતિમાને રથમાં બેસાડીને તેમની શોભાયાત્રા કાઢવામાં આવે છે. જૈન સમાજના લોકો ડાંડીયારસની રમઝટ ભોલાયે છે અને દિવસ રાત આ રથયાત્રા ફરે છે. અને બીજા દિવસે આદિનાથ તીર્થંકરની સોના-ચાંદીની પ્રતિમાને મંદિરમાં બિરાજમાન કરવામાં આવે છે. આ તકે. મોરવા હડફ વિદ્યાનસભાના ધારાસભ્ય શ્રી. નિમિષાબેન સુથાર. તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી. બાઢુભાઈ પટેલ તેમજ સંતરમપુર તાલુકા પંચાયત પ્રમુખ. હરીશભાઈ વળવાઈ. સંતરમપુર નગરપાલિકા પ્રમુખ. નિશાબેન મોદી. તેમજ સંદીપભાઈ ભોઈ તેમજ સંતરમપુર તાલુકા સંગઠન પ્રમુખ અને નગર પ્રમુખ. ભરતભાઈ પટેલ અને નીતિનભાઈ રાણા તેમજ પદીના સૌ કાર્યકર્તા અને પ્રાંત અધિકારીશ્રી મામલતદાર સાહેબ શ્રી તેમજ ચીફ ઓફિસર સાહેબ હાજર રહ્યા હતા.

રાજ્યકક્ષાના ડેટા સેન્ટરના નિર્માણ બાદ નાગરિકોને સિંગલ ક્લિકથી પોતાના મહેસૂલી દસ્તાવેજોની નકલ મળી શકશે: મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા

૭/૧૨ના ઉતારા, નકશા, માપણી જેવા મહેસૂલ વિભાગ હસ્તકના જમીન દફતર ખાતાના તેમજ મહેસૂલી કચેરીઓ હસ્તકના તમામ દસ્તાવેજોનું ડિજિટાઇઝેશન કરાયું

કમલમ્,

વિધાનસભાના ચોમાસું સત્રના પ્રથમ દિવસે ગાંધીનગર ખાતેનિર્માણ પામનાર રાજ્યકક્ષાના ડેટા સેન્ટર અંગે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું રાજ્યકક્ષાનુ આ ડેટા સેન્ટરના નિર્માણ બાદ નાગરિકોને સિંગલ ક્લિકથી પોતાના મહેસુલી ડોક્યુમેન્ટની નકલ મળી જશે. તેમણે જણાવ્યું કે ૭/૧૨ના ઉતારા, નકશા, માપણી જેવા મહેસુલવિભાગ હસ્તકના જમીન દફતર ખાતાના તેમજ મહેસુલી કચેરીઓ હસ્તકના તમામ દસ્તાવેજોનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે. વધુમાં, મંત્રીશ્રીએ કહ્યું કે ગાંધીનગરના સેક્ટર-૧૪માંરાજ્ય કક્ષાના ડેટા સ્ટોરેજ સેન્ટર માં જાળવણી માટે કોમ્પેક્ટરની સુવિધાવાળાવિશાળ રેકર્ડરૂમ, કોન્ફરન્સ હોલ,ટ્રેનિંગ રૂમ અને મ્યુઝિયમ સહિતનું કુલ-૭ માળનું ૨,૪૪,૭૨૫ ચોરસ ફૂટનું બાંધકામ કરાશે, આ બીલ્ડીંગમાં સિપ્રબર-૨૦૨૬ સુધીમાંપૂર્ણ કરવામા આવશે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે વર્ષ-૧૮૮૮ વખતના અંગ્રેજ સરકાર દ્વારા થયેલામાપણીટિપ્પણનું રેકર્ડ, સદરહુ ડેટાસ્ટોરેજ સેન્ટરમાં રાખવામાં આવશે. મહેસૂલ વિભાગની વિવિધ યોજના થકી જમીન રેકર્ડનાકોમ્પ્યુટરાઈઝેશનની કામગીરીપૂર્ણ કરવામાં આવી છે. માનવસર્જિત અથવા કુદરતી આફતોના કારણોસરજિલ્લાઓના રેકર્ડનુંકશીત પહોંચેલ રેકર્ડ નાશ પામે, તો તેની એક કોપી ડેટા સ્ટોરેજ સેન્ટર ખાતેથી મળી શકે, તે હેતુથી આ અદ્યતન ડેટા સેન્ટર બનાવવામાં આવ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.